ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# કોરોનાના સંક્રમણને છુપાવવાની માનસિકતા ખતરનાક નીવડશે...

## સમયસર

'જોજો કોઈને કહેતા નહીં કોરોના પોઝીટીવ છે.' આ તો સીઝનની શરદી-ખાંસી થાય અને ડૉક્ટરે કહ્યું એટલે ટેસ્ટ કરાયો. 'પોઝીટીવ આવ્યો છે પણ કંઈ લાગતુ નથી.' તમારે ત્યાં ટેસ્ટ કરાવીએ પણ કોર્પોરેશનને કે પંચાયતને કહેતા નહીં હોં નહીં તો પાછુ છાપામાં આવશે.' આ અને આવા અનેક વિધાનો આજકાલ સાંભળવા મળે છે. કોરોના પોઝીટીવ આવે એ કોઈ અપરાધ છે..?! કોઈ ખોટુ કર્યુ છે..?! કોરોના વાયરસનું સંક્રમણ વિશ્વ વ્યાપી છે એ પ્રધાનોનેય થાય, અધિકારીઓનેય થાય અને મારા તમારા જેવા સામાન્ય વ્યક્તિઓને પણ થાય. એમાં શરમાવવા જેવું કે છુપાવવા જેવું શું હોય છે ?! ઉલટાનું જાહેર કરવાથી ઉપચારના માર્ગ ખુલે છે. ગઈકાલની જ વાત કરીએ તો સે. ૩ અને વાસણમાં બે કિસ્સા ખુબ જ ચિંતાજનક સ્થિતિમાં બહાર આવ્યા. એક અઠવાડિયા સુધી શરદી-ખાંસીની વાતોથી મિત્રોને અને સંબંધીઓને જાણ કરી હતી. પરંતુ બે દિવસ પહેલાં ફેફસાનું ઈન્ફેક્શન વધી જતાં કીડની ઉપર ભયંકર અસર થઈ પરિણામે ગઈકાલે સાંજે બન્ને પરિવારોએ સ્વજન ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યુ. કહેવાનું તાત્પર્ય એ છે કે આ કોઈ અપરાધ નથી... આ કોઈ ચોરી ચપાટી નથી... વિશ્વ વ્યાપી મહામારીમાં આપણે સપડાયા છીએ એવું જાહેર કરવામાં નાનમ ન અનુભવવી જોઈએ. જાહેર કરીને - જાણ કરીને સરકાર અને સમાજની મદદ માટે દરવાજા ખોલવા જોઈએ. દિવસે-દિવસે કોરોનાની માહિતી છુપાવવાની વધતી માનસિકતા સ્થિતિને ગંભીર બનાવશે એવા એંધાણ વર્તાય છે.

સમાજમાં જેવી રીતે છુપાવવાની વાત ચાલે છે એવી જ સરકારમાં ચાલે છે, પણ સરકાર તો કંઈક જુદા આશયથી છુપાવે છે. કોરોના વાયરસના સંક્રમણ પણ નિયંત્રણ મેળવ્યુ છે ને જાળવ્યુ છે એવો દાવો કરવા સરકાર આંકડા છુપાવે છે. લોકડાઉન કે કરફ્યુ જેવા કઠોર નિયંત્રણો મુકીને આર્થિક ગતિવિધિઓ મર્યાદિત કરવાનું સરકારને પોષાતુ નથી એટલે સરકાર છુપાવે છે. 'દૂધનો દાઝ્યો છાશ ફુંકી ફુંકીને પીએ એમ એપ્રિલ-મે ના અનુભવ બાદ હવે લોકડાઉન માટે સરકારની હિંમત બચી નથી એટલે સરકાર આંકડા છુપાવે છે. જીએસટી કલેક્શનમાં ઘટાડો ન થાય અને તે માટે વેપાર-ધંધા ધમધમતા રાખવા માટે સરકાર આંકડા છુપાવે છે. પણ સમાજ શુ કરવા છુપાવે છે. એક-એક માનવીનું જીવનું જતન કરવા માટે સમયસર ઉપચાર થવો જોઈએ અને સમયસર ઉપચાર માટે પારદર્શકતા અનિવાર્ય છે. આજ સુધીના ઈતિહાસમાં શારિરીક દર્દ છુપાવીને કોઈએ કંઈ સિદ્ધિ મેળવી હોય એવા કોઈ દાખલા જોવા મળ્યા નથી ઉલટાનું નુકશાન ભોગવવું પડ્યું છે.

આટ આટલી ઠોકરો ખાધા બાદ પણ હજુ સરકારનું તંત્ર એ જ નીતિ રીતી અને ગતિવિધિથી ચાલે છે. ગાંધીનગર હોય કે અમદાવાદ હોય. મૃત્યુના આંકડા હજી તોલી તોલીને અપાતા હોય તેમ દસમા ભાગના અપાય છે. સ્મશાનગૃહોમાં કરાતી અંતિમ વિધિના આંકડા અને સરકારના આંકડામાં આઠથી દસ ગણો ફરક છે અને અંતિમધામ સ્મશાન ગૃહની આસપાસ શબવાહિનીની અવરજવર સ્થિતિની ગંભીરતાનો અણસાર આપે છે. આંકડા છુપાવો કે ના છુપાવો વાસ્તવિકતામાં કોઈ ફરક પડતો નથી. આજે નહીં તો કાલે સાચી સ્થિતિનો સ્વીકાર કરવો જ પડશે અને તે સમયે 'ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવા' જેવો ઘાટ થશે. હજુ પણ સમય છે કોરોનાના વધતા સંક્રમણની ચેઈન તોડવા માટે ગુજરાતમાં ૧૪ દિવસ માટે કઠોરમાં કઠોર નિયંત્રણો મુકવા જોઈએ. તો જાન પણ બચશે અને જહાન પણ બચશે.

# ગાંધીનગરમાં શબવાહિનીમાં એકી સાથે ચાર મૃતદેહોના મામલે તપાસના આદેશ

**સમગ્ર રાજ્યમાં કોરોનાના દર્દીઓની માનવીય અભિગમથી સંવેદનાપૂર્વક સારવાર કરવા નાયબ મુખ્યમંત્રીની સૂચના**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ પામેલી વ્યક્તિઓના ચાર મૃતદેહો એક જ શબવાહિનીમાં લઈ જવાના જે અહેવાલો વાયરલ થયા છે તેને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ખૂબ જ ગંભીરતાથી લઈને તપાસના આદેશો આપ્યા છે. એટલું જ નહીં, આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને તેમાં જવાબદાર વ્યક્તિઓ પાસેથી ખુલાસો મેળવવાના આદેશો કર્યા છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આજે ગાંધીનગરની આ ઘટનાને ગંભીરતાથી લઈને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ અને આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરેને આવું અમાનવીય કૃત્ય કરનારા વ્યક્તિઓ સામે પગલાં લેવાની અને આ ઘટનામાં જવાબદાર વ્યક્તિઓના ખુલાસા માંગવાની સુચના આપી છે.

શ્રી નીતિનભાઈ પટેલે એવી પણ સૂચના આપી છે કે, સમગ્ર રાજ્યમાં કોરોનાના દર્દીઓની અત્યંત સંવેદનાપૂર્વક સારામાં સારી રીતે સારવાર થાય. માનવીય અભિગમથી જ આ આખીયે બાબતની કાળજી લેવાય એ અંગે તકેદારી રાખવા કડક સૂચનાઓ આપી છે.

# અંતિમ-યાત્રા વાનમાં એક કરતાં વધુ મૃતદેહો લઈ જવા બાબતે તપાસ કરો : ચાવડા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના દર્દીઓ જે મૃત્યુ પામ્યા છે તેમના મૃતદેહ એક સાથે ત્રણ-ત્રણ કે ચાર-ચારની સંખ્યામાં લઈ જવાની ફરિયાદોના સંદર્ભે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ આ અંગે તપાસ કરી અને એક્શન ટેઈકન રિપોર્ટ રજુ કરવા જણાવ્યુ છે.

આજે તેમણે આ મુદ્દે ઈલેક્ટ્રોનિક મિડિયા તેમજ સોશિયલ મિડિયામાં વહેતા થયેલા સમાચારોને સંદર્ભે આ અંગે કમિશનરને પત્ર લખી જણાવ્યુ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાંથી મૃત્યુ પામાનર નાગરિકોના એક જ અંતિમ યાત્રા વાહનમાં એકથી વધુ પાર્થિવ શરીર લઈ જવામાં આવી રહ્યા છે. આ બાબતમાં મરણ વિધિના પ્રોટોકોલ જળવાયેલ હોય તેમ જણાતુ નથી તેમજ આ બાબતે મૃતકના પરિવાર પાસે મંજુરી લેવામાં આવેલ છે કે કેમ ? તે બાબતની તપાસ કરી કસુરવારો સામે દિન-૧૦માં નિયમોનુસાર પગલાં લઈ તેમની કચેરીને એક્શન ટેકન રિપોર્ટ રજુ કરવા જણાવ્યુ છે.

શહેરમાં હોસ્પિટલોમાં વધતા જતા મૃત્યુદરને લઈ પણ આજે ઉહાપોહ મચવા પામ્યો છે. વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ તેમના નજીકના પરિવારમાં થયેલા બે અવસાનની વાતને ટાંકી જણાવ્યુ છે કે અંતિમયાત્રામાં વાહનમાં એક કરતાં વધુ મૃતદેહો લઈ જવામાં આવી રહ્યા છે.

જો કે બીજી તરફ આજે મનપાએ સરગાસણના મુક્તિધામ ખાતે પણ કોરોનાગ્રસ્ત દર્દીઓના મૃતદેહોનો નિકાલ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરવા માટેની મંજૂરી આપી છે. જો કે શહેરમાં દિવાળી પછી વધેલા મૃત્યુદર કે થયેલા મૃત્યુ અંગે મૌન ધારણ કરી લીધુ છે.

# ૨૯મી નવેમ્બર સુધી બેવડી ઋતુની અનુભૂતિ થતી રહેશે : હવામાન પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૨૯ મી સુધી હવામાન પૂર્વાનુમાનમાં બેવડી ઋતુનું વાતાવરણ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૬૭ માં જણાવ્યા મુજબ ૨૫ થી ૨૯ નવેમ્બરના પાંચ દિવસ આકાશ મોટે ભાગે ચોખ્ખુ રહેશે. તાપમાન મહત્તમ ૩૧-૩૩ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૨-૧૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે પવનની ગતિ સરેરાશ ૯ થી ૧૯ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૭ થી ૩૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

આ બુલેટીનમાં ખેડૂતોને સલાહ આપતા જણાવવામાં આવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં વધુ ૬૮ કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં ૩૬ તો શહેરમાં ૩૨ કેસ નોંધાયા : સારવાર દરમ્યાન ૧ દર્દીનું મોત થયાના અહેવાલો**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૬૮ કેસ નોંધાયા છે. ૪૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૬ કેસ નોંધાયા છે જ્યારે શહેરમાં ૩૨ કેસ નોંધાયા છે.

સારવાર દરમ્યાન સે. ૭ માં રહેતા અને મૂળ વાસન ગામના વતની એવા દર્દીનું અમદાવાદ નજીકની ખાનગી હોસ્પિટલમાં અવસાન થયુ છે. આ અવસાનના સમાચારને પગલે વાસન ગામ અને સે. ૭ માં પણ શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ૩૬ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરના ૧૬, દહેગામમાં ૯ કેસ, માણસામાં ૪ કેસ અને કલોલમાં ૭ કેસનો સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારમાં પણ આજે નોંધાયેલા દર્દીઓમાં મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. જ્યારે ગાંધીનગર શહેરમાં પણ આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે.

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામેથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. અડાલજ, રાંદેસણ અને રાયસણ ગામેથી ૨-૨-૨ કેસ મળી આવ્યા છે.

આ ઉપરાંત ચંદ્રાલા, રાંધેજા, સરગાસણ, ઉવારસદ, ઈસનપુર-મોટા ગામેથી કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં દહેગામ અર્બનમાંથી ૪ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત નવાનગર, ખાનપુર, રખિયાલ, હાથીજણ અને પાસુન્દ્રા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

માણસામાં ચરાડામાંથી ૨, વિહાર અને પુંધરા ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલમાં ઈસંડ અને સઈજ ગામેથી કેસો મળ્યા છે. આ ઉપરાંત કલોલ અર્બન-૧ વિસ્તારમાં ૧ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૪ કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજ સુધીમાં ૨૭૬૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જ્યારે ૨૦૯ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫,૧૧૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

શહેરમાં આજે વધુ ૩૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૩૨ કેસમાં ૧૨ જેટલી મહિલા દર્દી છે. આજે નોંધાયેલા ૩૨ દર્દીઓમાંથી સાત દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ૧૮ જેટલા મોટી વયના દર્દીઓનો પણ આજે નોંધાયેલા કેસમાં સમાવેશ થાય છે.

શહેરમાં મોટીવયના દર્દીઓ અને મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

શહેરમાં આજે સે. ૨ માં ૪ કેસ નોંધાયા છે. જ્યારે સે. ૨૬, સે. ૪ અને સે. ૬ માં ૩-૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૩-એ-ન્યુ, સે. ૧૯, સે. ૨૮, પાલજ અને સે. ૩ માં ૨-૨ કેસ નોંધાયા છે. સે. ૫, ૨૯, જીઈબી, ૨૪,

● અનુસંધાન પાન-૭ પર

# એક વર્ષના રીસર્ચ બાદ વિશ્વમાં કોરોનાની પાંચ વેકસિન તૈયાર

**આગામી જાન્યુઆરીમાં ભારતની કો વેક્સિન પણ આવશે : ગાંધીનગર સે-૨૫ જી આઇ ડી સી માં સ્થિત પ્રેરણા બાયો ઇનોવેશન્સના સી ઇ ઓ ડો દિપક બારોટે વેક્સિન અંગે રસપ્રદ માહીતી રજુ કરી : યુ એસ , યુ કે , રશિયા, ભારત સહીતના દેશોમાં વેક્સિન તૈયારીના તબક્કામાં : છેવાડાના વ્યકિત સુધી વેક્સિન પહોંચતા આઠ મહીના જેટલો સમય લાગશે**

ગાંધીનગર તા ૨૬

કોરોનાની મહામારીએ દેશ દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. રોજબરોજ કોરોનાનો ગ્રાફ સતત ઉંચે આવી રહ્યો છે. ત્યારે સમગ્ર દુનિયાની નજર કોરોનાની યોગ્ય કાટ મળે તે તરફ મંડરાઈ છે. કોરોના વેક્સિનની પણ આતુરતાથી રાહ જોવાઈ રહી છે. રોજબરોજ મીડીયામાં આવતા વેકિસન સંબંધિત સમાચારો આમ નાગરિકોમાં ચર્ચાનો વિષય બને છે. ત્યારે ગાંધીનગરમાં સે-૨૫ જી આઈ ડી સી સ્થિત પ્રેરણા બાયો ઈનોવેશન્સના સી ઈ ઓ ડો દિપક બારોટે કોવિડ વેક્સિન અંગે પ્રાથમિક પરંતુ રસપ્રદ માહીતી આપી છે. તેમના જણાંવ્યા મુજબ હાલ દુનિયામાં કોવિડની પાંચ વેકિસન અસરકારક હોવાનુ મનાઈ રહ્યુ છે. વેકિસનના સંશોધનમાં ૧૦ વર્ષથી પણ વધુ સમય વીતી જતો હોય છે. પરંતુ સમગ્ર વિશ્વ કોરોનાની ગિરફતમાં છે ત્યારે સંશોધનની પ્રક્રીયાને ઝડપી બનાવી ટુંકા ગાળાની પધ્ધતિ અપનાવામાં આવી છે. હાલ સમગ્ર દુનિયામાં પાંચ વેક્સિન આગળ અને અસરકારક હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં યુ એસ ની ફાઈઝર, માર્ડના અને યુ કે ની એસ્ટ્રોઝેનિકા કો શિલ્ડ, રશિયાની સ્પુટનિક વી અને ભારત બાયોટેકની કો વેકિસનનો પણ સમાવેશ છે. આગામી જાન્યુઆરી મહીના સુધીમાં વેકિસન આવશે પરંતુ સામાન્ય નાગરિક સુધી પહોંચતા આઠ મહીના જેટલો સમય લાગશે. માટે ગભરાવાની જરૂર નથી સરકારની ગાઈડલાઈન ફોલો કરીને માસ્ક પહેરો એકમેકથી સામાજિક દુરી બનાવો.. અને કાઢા પીઓ..

કોઈપણ રોગ થાય એટલે દવા લેવી પડે .. પરંતુ કોવિડના વાયરસને મારી શકે તેવી અક્ષીર દવા હજુ શોધાઈ નથી. દર્દીઓની લાક્ષણિકતા મુજબ સારવાર આપવામાં આવી રહી છે. ગાંધીનગરમાં સે-૨૫ જી આઈ ડી સી માં સ્થિત પ્રેરણા બાયો ઈનોવેશન્સ રીસર્ચ પ્રા લી ના સી ઈ ઓ ડો દીપક બારોટે દુનિયામાં વેક્સિનના સંશોધન અંગે રસપ્રદ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે

● અનુસંધાન પાન-૭ પર

| વેકસિનના અસરકારક પેરામિટર્સ | |
|---|---|
| ફાઈઝર | ૯૦.૦૦ ટકા |
| મોર્ડના | ૯૪.૫૦ ટકા |
| એસ્ટ્રોઝેનિકા | ૯૦.૦૦ ટકા |
| સ્પુટનિક વી | ૯૦.૦૦ ટકા |
| ભારતની કો વેકસિન | ૬૨.૦૦ ટકા |

| વેક્સિનનુ સ્ટોરેજ તાપમાન | |
|---|---|
| ફાઈઝર | -૭૦ ડીગ્રી |
| મોર્ડના | ૨૦ ડીગ્રી |
| એસ્ટ્રોઝેનિકા | ૨ થી ૮ ડીગ્રી |
| ભારતની કો વેક્સિન | ૨ થી ૮ ડીગ્રી |
| રશિયાની સ્પુટનિક વી | ૨ થી ૮ ડીગ્રી |

## પોસ્ટ માર્કેટીંગ સર્વેલન્સ પણ અત્યંત મહત્વનુ : ડો દિપક બારોટ

આમ તો કોઈપણ પ્રકારના રોગની વેક્સિન શોધાતા ૧૦ થી ૧૨ વર્ષનો સમય લાગે છે. નવી દવાના સંશોધનમાં પણ વર્ષો વિતી જતા હોય છે. પરંતુ સમગ્ર દુનિયામાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે ટુંકા ગાળાનો રસ્તો અપનાવવો અનિવાર્ય છે. કોરોનાની વેકિસન આવી ગયા બાદ પણ પોસ્ટ માર્કેટીંગ સર્વેલન્સ અત્યંત મહત્વનો વિષય છે. વેકિસનની આડઅસરો પણ તપાસવી મુખ્ય બની રહેશે. વેકિસન શોધાયા બાદ પણ આ વિષય લાંબા ગાળાના અભ્યાસનો બની રહેશે.જો કે હાલ દુનિયામાં અસરકારકતા સાથે આગળની હરોળની વેક્સિનમાં કોઈ મેજર સાઈડ ઈફેકટસ જોવા મળી ન હોવાનુ પણ ડો દિપકે જણાંવ્યુ હતુ.

## વેક્સિન બે ડોઝમાં અપાશે

કોરોનાની વેક્સિન દેશના સામાન્ય નાગરિક સુધી પહોંચતા હજુ સમય લાગે તેમ છે. હાલ સમગ્ર દુનિયાની પાંચ વેક્સિનના પરિણામ સારા હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે વેક્સિન બે ડોઝમાં અપાશે પ્રથમ રસી બાદ બીજો ડોઝ ૨૮ માં દિવસે અપાશે આ ઉપરાંત ફાઈઝરનો બીજો ડોઝ વ્યકિતને ૨૧ માં દિવસે અપાશે. એસ્ટ્રોઝેનિકાની કોવી શિલ્ડ પણ બે ડોઝમાં અપાશે.

## વેક્સિન ગમે ત્યારે આવે ગભરાવાની જરૂર નથી

કોરોનાની વેકિસન ગમે ત્યારે આવે પરંતુ હાલ એમ એસ ડબલ્યુ ફોલો કરવામાં જ ભલાઈ છે. માસ્ક , સોશિયલ ડીસ્ટન્સીંગ અને સેનેટાઈરના ઉપયોગથી કોરોનાથી દુર રહી શકાશે. કોરોના વેક્સિનના સંશોધનમાં દુનિયાના તમામ દેશો કામે લાગેલા છે. ત્યારે ગભરાવાની જરૂર નથી પરંતુ સરકારની ગાઈડલાઈનનુ પાલન કરી ભીડવાળી જગ્યાએ જવાનુ ટાળી બિનજરૂરી ઘરની બહાર ન નિકળવા અને કાઢાનો પ્રયોગ પણ સતત ચાલુ રાખવુ જ સલાહભર્યુ છે.



બજાર બંધ - શહેરમાં કોરોનાના વધતા સંક્રમણને ધ્યાને રાખી ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં વેપારીઓએ રાત્રે ૯ વાગ્યા પછી દુકાનો સ્વયંભૂ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે... ગુરૂવારે રાત્રે રિલાયન્સ ચોકડી વિસ્તારમાં આવેલી તમામ દુકાનના માલિકોએ સ્વયંભૂ દુકાનો રાત્રે ૯ વાગ્યા પછી બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો... અને આગામી દિવસોમાં પણ આ નિર્ણયને જાળવી રાખવામાં આવશે. જ્યાં સુધી સંક્રમણ ઓછુ ન થાય અને શહેરમાં કોરોનાના કેસોમાં ઘટાડો ન થાય ત્યાં સુધી રિલાયન્સ ચોકડી વિસ્તારમાં આવેલી તમામ રેસ્ટોરન્ટ, હોટલ, તથા ખાણી-પીણીની દુકાનો ઉપરાંત અન્ય દુકાનોના આગામી દિવસોમાં પણ ૯ વાગ્યા પછી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે જેને વેપારીઓએ અને નગરજનોએ આવકાર્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com